# આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેતરમાં જૈવિક નિયંત્રકો અંગેનું જાગૃતિ સપ્તાહ યોજાયું



**આણંદ, તા. ૨૭**

આણંદ કૃષિ યુનિવર્સિટીના એ.આઈ.સી.આર.પી. ઓન બાયોલોજીકલ કંટ્રોલ ઓફ ક્રોપ પેસ્ટસ વિભાગ દ્વારા 'જૈવિક નિયંત્રક જાગૃતિ સપ્તાહ' અભિયાન અંતર્ગત તારીખ ૨૨ થી ૨૬ નવેમ્બર સુધી આણંદ જિલ્લાના આણંદ, ઉમરેઠ તાલુકાના ભાલેજ, બેચરી, જાખલા, મેઘવા, ઉમરેઠ તથા ફતેહપુરા ગામમાં શાકભાજી પાકો (રીંગણ, કોબીજ, ફલાવર અને મરચી)માં ઉપયોગી જૈવિક નિયંત્રકો (ટ્રાઈકોગ્રામા ભમરી, લીલી પોપટીની ઈયળો તથા રીડુવીડ બગ)ના ઉપયોગ અને તેના ફાયદા અંગેની માહિતી આપી અને જૈવિક નિયંત્રકો ૫ હેક્ટર વિસ્તારમાં છોડવા માટેનું કાર્ય કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત ખેડૂતના ખેતરમાં જઈને ખેડૂતોને જૈવિક નિયંત્રણ અંગે માહિતગાર કરવામાં આવેલ અને પ્રયોગશાળામાં કરવામાં આવતી જુદી જુદી પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપવામાં આવી હતી તેમજ કુદરતી રીતે ખેતરમાં હાજરી જોવા મળતી હોય તેવા જૈવિક નિયંત્રકોની ઓળખ, પાક સંરક્ષણ માટે ઉપયોગમાં લેવાતા રાસાયણિક કિટનાશકોની જૈવિક નિયંત્રકો પર થતી આડઅસર, ટ્રાઈકોકાર્ડ અને જૈવિક કીટનાશકોના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપી અને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરેલ જૈવિક નિયંત્રણની માહિતી આપતી પત્રિકાઓ આપવામાં આવી.